Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ગુજરાતમાં પ્રણામી ધર્મ

**Dharti Patel**

**Research Scholar M.Phil., History, Gujarat Vidyapith, Ahmedabad**

- **પ્રસ્તાવના**

આજે સંસારમાં ધર્મની વાતો બહુ થાય છે.પરંતુ ઘણા ઓછા લોકોને ખબર હશે કે પૃથ્વી પર મોટા ભાગના યુદ્ધો ધર્મના નામે જ થયા છે. દેશ હોય કે પ્રદેશ હોય, શહેર હોય કે ગામ હોય બધે ધર્મના દેવસ્થાનો તો હોવાના પણ ત્યાંના સામાજિક જીવનની ઝાંખી કરીએ તો જોવા મળે છે ધર્મના નામે જ વાડાબંધી કરીને લોકો ઝઘડતા હોય છે. સૌને એવું જ લાગે છે, કે અમારો જે ધર્મ છે એ જ સાચો અને બીજો ધર્મ ખોટો. વાત એટલે થી જ અટકતી હોત તો વાંધો ન હતો. પણ ઘણીવાર લોકો અન્ય ધર્મના માણસોને મિટાવી દેવા તત્પર થઈ જતા હોય છે. જે ધર્મ લોકોને એકબીજા સાથે જોડે તેને ધર્મ કહેવાય.

અંગ્રેજીમાં ધર્મ માટે રિલિજિયન શબ્દ વપરાય છે. જે સૂચક છે. રિલિજિયન શબ્દ મૂળ relegayer શબ્દ ઉપરથી આવે છે જેને જોડવા સાથે સંબંધ છે. અહીં પ્રશ્ન થાય કે કોની સાથે જોડવાનું ? તો ઉત્તર મળે કે ઈશ્વર સાથે. ઈશ્વર સાથેનું જોડાણ એટલે ઐશ્વર્ય સાથેનું જોડાણ આવું ઉત્તમ જોડાણ થયા પછી માણસને જીવનમાં અન્ય કંઈ મેળવવાની જરૂર ન રહે ત્યાર પછી માણસ સ્વયં પર્યાપ્ત બની જાય તે સ્વાભાવિક છે આપણે ત્યાં ધર્મની જે વાત થાય છે. તેમાં ધારણ કરવાની વાત વિશેષ છે. જેને કારણે માણસનું અસ્તિત્વ સાથે સંતુલન સાધીને ટકી રહે તે અર્થમાં આપણે ત્યાં ધર્મ શબ્દ વપરાયેલો હોય તેમ વધારે લાગે છે.

'ધારયતિ ઈતિ ધર્મ' અર્થાત્ જે પૃથ્વીને માનવ જાતને જીવનમાત્રને ધારણ કરે છે. પાળે છે, પોષે છે. આવી વ્યાખ્યા મહર્ષિ વેદવ્યાસે આપી છે. આપણી સંસ્કૃતિ પ્રાચીન છે. અને તેમાં આધ્યાત્મિક અનેક તત્વચિંતકો થઈ ગયા છે. તેમણે ભારતીય સંસ્કૃતિને પરમ અધ્યાત્મ અને યોગદર્શન દ્વારા અભિભૂત કરી છે.

આપણી ભારતીય સંસ્કૃતિના ત્રણ આધાર સ્તંભ ગણવામાં આવે છે. મંદિરો, સંતો અને શાસ્ત્રો, શાસ્ત્રોનું શ્રવણ કરવાથી સદ્બુદ્ધિ આવે અને શાસ્ત્રો સાંભળવાથી ભગવાનની ભક્તિ આવે છે. આત્મા પરમાત્માનું જ્ઞાન શાસ્ત્ર વાંચવા કે સાંભળવાથી જ આવે છે. જેના વડે માનવજાતિનું નિયમન કરી શકાય તેને શાસ્ત્ર કહેવાય.[૧]

પ્રાચીનકાળથી સમાજને સુદૃઢ રાખવા માટે હિંદુ-વેદધર્મ દ્વારા આચાર્ય

ઋષિમુનિઓએ કર્યું છે. ભારતમાં મુખ્યત્વે ક્રિયાકાંડ હોમહવન, યજ્ઞાદિ પ્રવૃત્તિઓને જ વધુ મહત્વ અપાતું હતું. યજ્ઞોમાં અપાતી પશુબલિના કારણે પશુઓની હત્યા થતી હતી. અને ધનનો પણ પુષ્કળ વ્યય થતો હતો. બ્રાહ્મણોનું સ્થાન સમાજમાં સર્વોચ્ચ હતું. છેવટે આવી સમાજરચનાને લીધે શુદ્રોનું શોષણ થવા લાગ્યું. આમ સમાજ આવી વર્ણવ્યવસ્થાને લીધે વિપરીત ફળ ભોગવતો થયો. આ સમયે જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ ધાર્મિક ચેતના, સમાનતા ભાઈચારો ટકાવી રાખવાનું કામ કર્યું. આમ લોકો ધર્મ પરિવર્તન કરી બૌદ્ધ ધર્મમાં જોડાવા લાગ્યા. પરિણામે બૌદ્ધ ધર્મમાં વામાચારથી અનિતિ પ્રવેશી હિંદુ ધર્મમાં પ્રવેશેલી શિથિલતાને ખંખેરીને તેનો પુનરૂદ્ધાર કરવાનું કાર્ય આચાર્યોએ શરૂ કર્યું.[૨]

આચાર્ય યુગ દરમ્યાન હિંદુધર્મ ખંડન-મંડનની પ્રવૃત્તિમાં અટવાવવા લાગ્યો. તેનો લાભ મધ્યયુગ દરમ્યાન મુસ્લિમ શાસકોએ લીધો. ઈસ્લામના પ્રચાર માટે પરદેશથી આવેલા સૂફી સંતો, ફકીરો અને દરવેશોના પ્રચારને કારણે અને મુસ્લિમ શાસકોના બળાત્કારનો ભોગ બનેલી પ્રજાને ઉતરતી ગણવામાં આવેલી. આવી જ્ઞાતિના લોકોને ઈસ્લામ ધર્મ સ્વીકારવો પડતો હતો.[૩]

આ સમયે તખ્ત, તલવાર, તિજોરી આ ત્રણે સત્તા મુસ્લિમ શાસકોનાં હાથમાં હતી. ભારતની પ્રજા જ્યારે હતાશા અને નિરાશા અનુભવી રહી હતી. ત્યારે ભક્તિ આંદોલનની શરૂઆત થઈ. ભક્તિ આંદોલનના મુખ્ય ચાર પ્રવાહ હતા.

(૧) સમન્વયવાદી પ્રવાહ

(૨) સૂફીમત પ્રવાહ

(3) રામભક્તિ પ્રવાહ

(૪) કૃષ્ણભક્તિનો પ્રવાહ -

- સમન્વયવાદી પ્રવાહ - કબીર, સંત રોહીદાસ, દાદુ દ્વારા વહેતો થયેલો પ્રવાહ
- સૂફીમત પ્રવાહ - સૂફી સંતો, જાયસી, મન્જદન, કુતબન વગેરે દ્વારા વહેતો થયેલો પ્રવાહ
- રામભક્તિનો પ્રવાહ- તુલસીદાસ દ્વારા થયેલો પ્રવાહ
- કૃષ્ણભક્તિનો પ્રવાહ - મીરાં, સૂરદાસ, નરસિંહ મહેતા દ્વારા થયેલો પ્રવાહ૪

૧૭મી સદીના ઉત્તરાર્ધમાં પરધર્મીઓની ખંડનાત્મક ધર્માંધ રાજનીતિથી સમાજમાં ભારે હતાશા અને નિરાશા છવાઈ ગઈ હતી. મધ્યયુગીન ભક્તિ આંદોલન દરમિયાન સંતકબીર, નાનક, દાદુ, રોહીદાસ જેવા સંતોએ પણ સારા પ્રયત્નો કર્યા. છતાં પણ સામંતો, મહંતો અને ઉચ્ચવર્ણ દ્વારા સામાન્ય પ્રજાનું શોષણ થતું હતું. આમ ભક્તિ

આંદોલન ધીમું પડી ગયું. ક્ષત્રિય રાજાઓના કુસંપને લીધે તેઓ હિંદુ ધર્મનું રક્ષણ કરવા સક્ષમ ન હતા.

ગુજરાત પહેલેથી સંતો-મહંતોની ભૂમિ રહી છે. તેથી ગુજરાતમાં કોઈપણ ધર્મ જલ્દી વિકાસ પામે છે. આમ, ૧૭મી સદીમાં સમાજમાં વ્યાપેલા અંધકારને દૂર કરી સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રે ચેતના લાવવાનું કામ શ્રીદેવચંદ્રજી મહારાજે કર્યું.[૫]

*** દેવચંદ્રજી મહારાજ**

ઈ.સ.૧૫૮૨માં પૂર્વ મારવાડમાં આવેલા સૂરકોટ નગરમાં સ્થિત મતુ મહેતા અને માતા કુંવરબાઈ ને ત્યાં જન્મેલા દેવચંદ્રજી મહારાજે જામનગર મુકામે પ્રણામી ધર્મની સ્થાપના ઈ.સ.૧૬૨૨માં કરી. બાળપણથી જ આધ્યાત્મિક જ્ઞાનની લગની લાગેલી, આમ માત્ર અગિયાર વર્ષની ઉંમરે હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? મારો માલિક કોણ છે ? ના સવાલ થયેલા. કિશોર વયે જ ગૃહત્યાગ કરી ગુરૂની શોધમાં ભૂજ નગરી આવી પહોંચ્યા. મત-મતાંતર વાળા જુદા જુદા સાધુ-સંતો, સંન્યાસી, મઠાધિપતિ અને મૌલવીને મળ્યા બાદ પણ તેમને પોતાના સવાલના જવાબ ના મળ્યા છેવટે ભૂજ નગરના ઉચ્ચકોટિના રાધા-માધવી સંત હરિદાસ સાથેના સત્યંગથી તેમને સંતોષ થયો. ઈ.સ.૧૬૦૪ના વૈશાખ સુદ સાતમને બુધવારે હરિદાસજી એ પ્રસન્ન થઈને દેવચંદ્રજીને ભજ શ્રી વૃન્દાવન, કુંજવિહારી ભવ્ય વિલાસ, દિક્ષામંત્ર આપ્યો અને સખીભાવે શ્રીકૃષ્ણનું સ્મરણ કરવા ઉપદેશ આપ્યો. શ્રીકૃષ્ણના દર્શનની તીવ્ર ઈચ્છા સાથે તેઓ ધ્યાનમાં સરી પડ્યા અને ધ્યાનાવસ્થામાં જ તેમને વનમાં ગોપબાળકો સાથે ગેલ કરતા બાળકૃષ્ણના દર્શન થયા. એ બાળકૃષ્ણ દેવચંદ્રજીને રણમાં સિપાઈ વેશે મળ્યા હતા. તે વાત યાદ આવી અને એમના સવાલનો જવાબ મળ્યો કે મારો ભરથાર શ્રીકૃષ્ણ જ છે. અને આમ પોતાના પ્રાણ પ્રિતમ શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરવા તેઓ જામનગર પહોંચ્યા. છોટી કાશી તરીકે ઓળખાતું અને જામ નરેશોના પ્રયત્નોથી ધાર્મિક વૃત્તિઓથી ધબકતું જામનગર હાલાર પ્રદેશનું મુખ્ય શહેર હતું. જામનગરના શ્યામજી મંદિરમાં કાનજીભટ્ટ નિયમિત કથા કરતા હતા.[૬]

૧૪ વર્ષથી કથા સાંભળતા દેવચંદ્રજી એક વખત કથા દરમ્યાન ધ્યાનમગ્ન બની ગયા અને તેમને શીતલ, દેદિપ્યમાન, રાસબિહારી, શ્રીકૃષ્ણના સાક્ષાત કિશોર સ્વરૂપનું દર્શન થયું. આ સ્વરૂપે તેમની સાથે સતત સવા બે કલાક સુધી ચર્ચા કરી અને પૂછયું દેવચંદ્રજી ! તમે મારા સ્વરૂપને ઓળખો છો ? તમારા આત્મસ્વરૂપને જાણો છો ? તમારુ મૂળ ઘર કયાં છે ? તમે સંસારમાં કેમ આવ્યા છો ? શ્રીકૃષ્ણે પૂછેલા પ્રશ્નોના વિનમ્રભાવે જવાબ આપતા દેવચંદ્રજીએ કહ્યું કે મારા પ્રાણ આધાર ! આપ જ મારા ધામધાણી છો. એ સિવાય મને કશી જ ખબર નથી ! દેવચંદ્રજીનો વિનમ્ર પ્રત્યુત્તર સાંભળીને શ્રીકૃષ્ણે તેમને મૂળઘર, પરમધામ વગેરે બાબતે વિગતવાર માહિતી આપી અને આ નશ્વર જગતમાંથી પાર ઉતારવાનો 'તારતમ' મંત્ર આપ્યો. ૧૬૨૨માં તારતમ મંત્ર પ્રાપ્ત થવાથી શ્રીકૃષ્ણની

શક્તિઓ તેમના અંતરમાં સમાઈ જવાથી દેવચંદ્રજીની દિવ્યદૃષ્ટિ ખુલી ગઈ. અલૌકિક પ્રકાશનો અનુભવ કરવા લાગ્યા. તેમના આત્મામાં શ્રીકૃષ્ણ પ્રાપ્તિને અદ્‌ભૂત આનંદ અર્થાત્ નિજાનંદ છવાઈ ગયો અને તે નિજાનંદ સર્વત્ર ફેલાવવા લાગ્યો અને ૧૬૨૨માં નિજાનંદ સંપ્રદાયની સ્થાપના થઈ.

નિજાનંદાચાર્યશ્રી દેવચંદ્રજી મહારાજ પોતાના હૃદયકમળમાં બિરાજમાન પૂર્ણબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત શ્રીકૃષ્ણને અનન્ય ભાવે પ્રણામ કરતા હતા.

નિજાનંદ સંપ્રદાયના અનુયાયીઓ જ્યારે મળતા ત્યારે પરસ્પર પ્રણામ કરીને એકબીજાનું અભિવાદન કરતા હોવાથી નિજાનંદ સંપ્રદાય પ્રણામી ધર્મ તરીકે ઓળખાયો.[૭]

- **ધર્મપ્રચાર (આદ્યપીઠની સ્થાપના)**

પૂર્ણબ્રહ્મ, અનાદિ-અક્ષરાતીત શ્રીકૃષ્ણ પાસેથી તારતમ મંત્રની પ્રાપ્તિ થયા પછી દેવચંદ્રજી મહારાજે જામનગર મુકામેથી જ ધર્મનો પ્રચાર કર્યા. જામનગરના તત્કાલીન નગરશેઠ શ્રીગાંગજીભાઈ તેમના પ્રથમ શિષ્ય બન્યા, ધીમે ધીમે તેમના અનુયાયીઓની સંખ્યા વધવા લાગી. ૧૬૩૧માં જામનગરમાં બગીચા નામે ઓળખાતી જમીન પર બે ખીજડાના ઝાડ રોપી મંદિર બંધાવી તે સ્થળેથી ધર્મપ્રચારનું કાર્ય શરૂ કર્યું. આમ, ૧૬૩૧માં જામનગર મુકામે શ્રીકૃષ્ણ પ્રણાલી ધર્મની 'આદ્યપીઠ'ની સ્થાપના થઈ. ત્યારથી પ્રણામી ધર્મનું એ પાવનતીર્થ ધામ શ્રી ૫ નવતનપુરી ધામ જામનગર તરીકે પ્રણામી જગતમાં પ્રસિદ્ધ છે. આમ પ્રણામી ધર્મની આદ્યપીઠની સ્થાપના પછી શ્રી દેવચંદ્રજી મહારાજે જીનવભર તે સ્થળે રહી પ્રચાર કર્યા.[૮]

- **પ્રણામી ધર્મના મહાન પ્રવર્તક મહામતિ પ્રાણનાથજી**

દેવચંદ્રજીની અમૃતવાણીથી જામનગર રાજ્યના દિવાન શ્રીકેશવરાય ઠાકુરના સુપુત્રશ્રી મિહિરાજ ઠાકુર માત્ર ૧૨ વર્ષની કિશોર વયે તેમના શિષ્ય બન્યા. દેવચંદ્રજી ને પ્રથમ દૃષ્ટિએ જ મિહિરાજમાં બિરાજમાન શક્તિને પારખી લીધી શ્રી દેવચંદ્રજી મહારાજ દરરોજ શ્રીકૃષ્ણને પ્રણામી ધર્મનો વારસો નિભાવનાર શક્તિને પૃથ્વી પર મોકલવા પત્રો લખતા અને પોતાની પાસે મૂડી રાખતા. આમ ૬૯ પત્રો લખ્યા હતા. શ્રી મિહિરાજ જેવા દેવચંદ્રજીને પ્રણામ કરવા ઝુક્યા કે તરત જ તેમના ખીસ્સામાંથી પેલા પત્રો સરી પડ્યા. આમ દેવચંદ્રજીને પ્રતીતિ થઈ કે મિહિરાજ ઠાકુર પ્રણામી ધર્મનો વારસો સંભાળશે. અને તેમને માત્ર ૧૨ વર્ષની વયે દિક્ષા આપી. દેવચંદ્રજીનો આત્મા નશ્વર દેહ છોડીને પ્રકાશપૂંજમાં વિલીન થઈ ગયો. તેમના પછી તેમાંના શિષ્ય મિહિરાજ ધર્મક્ષેત્રે અને સમાજક્ષેત્રે વ્યાપેલા અંધકારને ઉલેચીને ૧૬મી અને ૧૭મી સદીના ભારતમાં સમાજ સુધારણા અને ધર્મ સુધારણાનું મહાન કાર્ય કર્યું.[૯]

દેવચંદ્રજી મહારાજે પ્રણામી ધર્મનો તમામ વારસોશ્રી મિહિરાજ ઠાકુરને આપ્યો હતો. પરંતુ ગુરૂપુત્ર બિહારીજીની ધર્મની ગાદી પર બેસવાની તીવ્ર ઈચ્છા હોવાથી બિહારીજીને ગાદીએ બેસાડી મિહિરાજ ઠાકુર જામનરેશ રણમલજીના કારભારીનું કામ કરવા લાગ્યા. ૧૬૫૮માં તેમને રાજભંડારમાંથી સામાન ચોરવાના આરોપસર જેલમાં પૂરી દીધા. જેલવાસ દરમ્યાન પ્રણામીધર્મના પાવનગ્રંથ 'તારતમ સાગર'ના ગ્રંથોનું અવતરણ ગુજરાતી ભાષામાં ઈ.સ.૧૬૫૯માં શરૂ થયું. આમ, મહિરાજે જેલને પ્રબોધપુરી બનાવી.[૧૦]

- **સુરતમાં જાગણી સંપ્રદાયની સ્થાપના**

આ બનાવ પછી મહામતિશ્રી પ્રાણનાથજીનું મન સંસારચક્રમાંથી બિલકુલ ઊઠી ગયું. અને તે ગુરૂના આદેશ પ્રમાણે પ્રણામી ધર્મના પ્રચાર માટે ધર્મપત્ની તેજકુંવર સાથે નીકળી પડ્યા. સૌપ્રથમ તેમણે દિવસમાં બે વર્ષ પ્રચાર કર્યો પછી પ્રભાસપાટણ, નવી બંદર, પોરબંદર, માંડવી કપઈ, ભૂજ, નલીઆ, લાઠી વગેરે સૌરાષ્ટ્ર અને કચ્છના નગરમાં પ્રચાર કર્યા.

સુરતમાં ૧૭ વર્ષ સુધી ધર્મ ચર્ચા કરી. પરમધામની અખંડલીલા, વ્રજ અને રાસલીલા, ક્ષર, અક્ષર, અક્ષરાતીતનું ગૂઢ જ્ઞાન ભાગવતના પ્રશ્નો વગેરે પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી અને ૧૬૭૩માં પ્રણામી ધર્મનું બીજું તીર્થધામ આદ્ય જાગણી પીઠ' મહામંગળ પુરી ધામની સ્થાપના કરી અને મુઘલ શહેનશાહ ઔરંગઝેબને સત્ય ધર્મ સમજાવવા ગુજરાતના ૫૦૦ શિષ્ય સમુદાય સાથે તેમણે દિલ્હી તરફ ધર્મ કૂચ કરી.

બાઈજૂરાજજીની આગેવાની હેઠળ પગપાળા શરૂ થયેલી એ ધર્મ મહાઅભિયાનમાં સુરતના ભીમભટ્ટ, શ્યામભટ્ટ, ગોવર્ધનભટ્ટ, નાગજીભાઈ અને પોરબંદરમાં લક્ષ્મણશેઠ (લાલદાસ સ્વામી) જામખંભાળિયાના ધારાભાઈ, જમનાબાઈ વગેરે અગ્રણીઓ અનુયાયીઓ જોડાયા હતા. શ્રી પ્રાણનાથજી અને બાઈજૂરાજજીના દર્શન કરવા ગામે ગામ લોકોની ઠઠ જામતી. સુરતથી પગપાળા ચાલતો એ મહાસંઘ, રસ્તે આવતા ગામોમાં ધર્મ પ્રચાર કરતાં-કરતાં અમદાવાદ, સિદ્ધપુર, પાલનપુર થઈને રાજસ્થાન, મેરતા, મથુરા, વૃંદાવન, આગ્રા, મહત્વના શહેરોમાં પ્રણામી ધર્મનો પ્રચાર કરતા ૧૬૭૭માં દિલ્હીમાં પહોંચ્યો.[૧૧]

- **લાલદાસ સ્વામી**

મહામતિ પ્રાણનાથજીના અનન્ય શિષ્ય સ્વામી લાલદાસ પોરબંદર અને ઠઠ્ઠાનગરના પ્રસિદ્ધ લુહાણા વેપારી હતા અને લક્ષ્મણશેઠ તરીકે પ્રસિદ્ધ હતા. તેઓ સ્વભાવે ધર્મનુરાગી હોવાથી હિંદુધર્મના ધર્મગ્રંથોના અને વિવિધ ભાષાઓના અભ્યાસી તથા સત્સંગી હતા. મહામતિ પ્રાણનાથની વાણીથી પ્રભાવિત થઈને તેઓ પ્રણામી ધર્મમાં શિક્ષિત થયા અને પછી સર્વસ્વનો ત્યાગ કરીને જીવ્યા ત્યાં સુધી મહામતિજીના જ્ઞાની,

વિશ્વાસુ અને આજ્ઞાંકિત શિષ્ય રહ્યા અને મહામતિજીએ ઉપદેશેલા પ્રણામી ધર્મનો પ્રચાર પ્રસાર કરતા રહ્યા.

- **પ્રચાર**

સ્વામી લાલદાસે પ્રણામી ધર્મના પ્રચાર પ્રસારનું કાર્ય સાહિત્યની રચના દ્વારા પણ કર્યું છે. તેમણે રચેલા ગ્રંથો પૈકી લાલદાસકૃત વીતક (૨) બડીવૃત્ત (૩) છોટીવૃત્ત (૪) બડા મસૌદા (૫) શ્રીમદ્ ભાગવત ટીકા વગેરે ગ્રંથોનો સમાવેશ થાય છે. આ ગ્રંથો પૈકી તેમણે રચેલા લાલદાસ કૃત બીતક ગ્રંથને પ્રણામી ધર્મના ધર્મકોષ, સર્વકોષ કે વિશ્વકોષ તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સાહિત્ય અને હિન્દી સાહિત્યમાં ૧૭મી સદીમાં વીતક રચનારા તેઓ પ્રથમ વિદ્વાન હોવાથી તેઓને 'વિતક સાહિત્યના ઉદ્ગાથા' તરીકે ઓળખવામાં આવે છે.[૧૨]

- **મહાત્મા ગાંધી અને પ્રણામી ધર્મ**

મહાત્મા ગાંધીનું મૂળ નામ મોહનલાલ કરમચંદ ગાંધી હતું. તેઓ પ્રણામી ધર્મના માનવતાવાદી સિદ્ધાંતોનું આચરણ કરીને મોહનમાંથી મહાત્મા બન્યા હતા. તેમના માતા પૂતળી બા ચુસ્ત પ્રણામી હતા. ગાંધીજીના જીવન વૃત્તાંત લેખક પ્યારેલાલ નોંધે છે કે ગાંધીજી એકવાર યાદ કરતા હતા કે એમના લગ્ન પછી તેમની બા તેમને પ્રણામ કરી સુખી લગ્નજીવન વ્યતીત થાય તેવા આશીર્વાદ મેળવવા પ્રણામી મંદિરમાં લઈ ગયા હતા.

પ્રણામી ધર્મના સિદ્ધાંતોથી પ્રેરણા લઈ જુવાન ગાંધીજીએ વિદેશગમન પૂર્વ પોતાની માતાની આજ્ઞાથી શરાબ, માંસાહાર, પરધન અને પરસ્ત્રીને સ્પર્શ ન કરવાના સોગંદ દીધા હતા. પ્રાણનાથજીએ ઔરંગઝેબને સત્યધર્મ સમજાવવા માટે દિલ્હીમાં ૧૬ માસ રહીને અહિંસક સત્યાગ્રહો આચર્યા હતા. ગાંધીજીએ પણ તેમાંથી પ્રેરણા લઈને અંગ્રેજ સામે સત્યાગ્રહોના હથિયાર દ્વારા ભારતને આઝાદી અપાવી. અસહકારની લડતનાં પંચાગી રચનાત્મક કાર્યક્રમમાં તેમણે પ્રાણનાથજી પ્રેરિત મદ્યપાન નિષેધ, અસ્પૃશ્યતા નિવારણ, સ્ત્રી ઉદ્ધાર પ્રવૃત્તિ, કોમી એકતા, રેંટિયા દ્વારા સ્વદેશીની ઝુંબેશ વગેરેને વણી લઈને લડતને ક્રાંતિકારી સ્વરૂપ આપ્યું હતું.[૧૩]

- **પ્રણામી ધર્મના પ્રચાર કેન્દ્રો**

પ્રણામી ધર્મના ત્રણ તીર્થધામો

(૧) આદ્યપીઠ શ્રી ૫ નવતનપુરી ધામ જામનગર -

(૨) જાગણીપીઠ શ્રીપ મહામંગલપુરી ધામ, સુરત -

(૩) મુક્તિપીઠ શ્રીપ પદ્માવતીપુરી ધામ, પન્ના -

પૈકી બે તીર્થધામો ગુજરાતમાં છે. ગુજરાતમાં અસ્તિત્વમાં આવેલી વિવિધ સંસ્થાઓ અને મંદિરો પણ પ્રણામી ધર્મના સિદ્ધાંતો અને સાહિત્યના પ્રચાર પ્રસારનું નોંધપાત્ર કાર્ય કરે છે.[૧૪]

**(૧) શ્રીરાજમંદિર, ભરોડા (ભદ્રાવતી) જિ.ખેડા**

પ્રણામી ધર્મના જાણીતા અને માનીતા વિદ્વાન શ્રીકૃષ્ણ પ્રિયાચાર્યજી મહારાજે વિ.સં.૨૦૧૫ના જેઠ વદ-૧૩ના રોજ ખેડા જિલ્લાના ભરોડા ગામેશ્રી રાજમંદિરની સ્થાપના કરી. શ્રી કૃષ્ણ પ્રિયાચાર્યજીએ ગામે ગામ ફરી પ્રણામી ધર્મની હસ્તલેખિત ગ્રંથો, પત્રો, પત્રિકાઓ એકત્ર કર્યા. અને અનન્ય ગ્રંથાલય સ્થાપ્યું. પ્રણામી ધર્મના સંતો મહંતો, આચાર્યો, વિદ્વાનો અને સંશોધકો સાહિત્ય રસીકો માટે અત્યંત ઉપયોગી આ ગ્રંથાલય પ્રણામી ધર્મના અમૂલ્ય સાહિત્ય ખજાના તરીકેનું મહત્વ ધરાવે છે.[૧૫]

**(૨) શ્રીકૃષ્ણ પ્રણામી મૂલ મિલાવા માનવ મંદિર, સુરત**

શ્રીછત્રસાલ મહારાજની જયંતિના શુભ અવસરે ૨૩-૫-૧૯૮૫ના રોજ રાજમંદિર ભદ્રાવતીના આચાર્ય પરમહંસ મહારાજ શ્રીકૃષ્ણ પ્રિયાજીને વરદ હસ્તે આ મંદિરની વિધિસર સ્થાપના કરવામાં આવી અને તેના આચાર્ય તરીકે યુવા સંતશ્રી તારતમ જયોતિજી મહારાજને જવાબદારી સોંપવામાં આવી. તારતમ જ્યોતિજીએ પ્રણામી ધર્મના પ્રચાર પ્રસારની સાથે સાથે માનવ સેવાના મહત્વના કાર્યો પણ કરવામાં આવે છે. આ સંસ્થાના આરોગ્ય વિભાગ દ્વારા ઓ.પી.ડી. અને પથારીની સુવિધા વાળું દવાખાનું કાર્યરત છે. વિવિધ પ્રકારના કેમ્પ પણ અવાર નવાર યોજવામાં આવે છે. સંસ્થાના શિક્ષણ વિભાગ દ્વારા છાત્રનિવાસ, પ્રણામી સ્ટુડન્ટ કાઉન્સિલ, બાલાશ્રમ, વ્યાયામશાળા, મહિલામંડળ જેવી વિવિધ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે.[૧૬]

**(૩) શ્રી નિજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ**

ઈ.સ.૧૯૯૫-૯૬માં અસ્તિત્વમાં આવેલી આ સંસ્થા ધોરણ-૧૦ સુધીના બાળકોને ધાર્મિક સહિતનું સંસ્કારી શિક્ષણ આપીને વર્તમાન સંદર્ભમાં ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય કરી રહી છે. નિજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ જરૂરિયાતમંદ છાત્રોને છાત્રનિવાસની વ્યવસ્થા પૂરી પાડે છે.[૧૭]

**(૪) શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર, હરકુંડી : જિ. પંચમહાલ**

મહારાજશ્રી વૃંદાવનદાસ ધામીએ શ્રીકૃષ્ણ પ્રણામી મંદિરે સ્થાપીને પંચમહાલ, દાહોદ અને મધ્યપ્રદેશના ગુના જિલ્લા સુધીના આદિવાસી વિસ્તારમાં પ્રણામી ધર્મનો પ્રચાર કર્યો. વૃંદાવનદાસ મહારાજે આદિવાસી પ્રજાને વ્યસનમુક્તિ અને માંસાહાર મુક્તિ કરાવી શિક્ષણ અને સદ્‌ગુણોનું સિંચન કર્યું.[૧૮]

**(૫) શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર, બાલાસિનોર : જિ.ખેડા**

શ્રી ૫ પદ્માવતી ધામ પન્નાના શ્રીજુગલદાસના સુપુત્ર શ્રી કૃષ્ણદાસ ધામીએ વિ.સં.૧૯૬૩માં બાલાસિનોરમાં આવી. ધર્મપ્રચારનું કાર્ય કર્યું. વિ.સં. ૧૯૭૧માં બાલાસિનોરમાં શ્રીકૃષ્ણ પ્રણામી મંદિરની સ્થાપના કરી. સં.૧૯૮૧ સુધી ધર્મનો પ્રચાર કર્યા. કૃષ્ણદાસ ધામીના પિતા જુગલદાસ એ વિ.સં.૧૯૨૨-૨૩માં દાહોદમાં મુકામ કરીને પંચમહાલ, દાહોદ, ખેડા, સાબરકાંઠા, અમદાવાદ વગેરે જિલ્લાઓના દલિત સમાજની પંડ્યા અને વણકર જાતિમાં આ ધર્મનો પ્રચાર કર્યા. કૃષ્ણદાસ ધામીના પુત્ર રાધેશ્યામ બાપુએ ગુજરાતની દલિત જાતિઓમાં આ ધર્મનો વિસ્તાર કર્યા.[૧૯]

**(૬) શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર, માલપુર, જિ.સાબરકાંઠા**

વિ.સં.૧૯૭૧માં બાલાસિનોરમાં શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર સ્થપાયું. એ જ સમયમાં બ્રાહ્મણ સમાજમાં લાલ અને પ્રીતમની જોડી તરીકે પ્રસિદ્ધ પિતા-પુત્ર શ્રી લાલદાસ મહારાજ તથા પ્રીતમદાસ મહારાજના પ્રયત્નોથી માલપુર મુકામે શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર સ્થપાયું. આ જોડીએ સાબરકાંઠા, ખેડા, પંચમહાલ અને અમદાવાદ જિલ્લાના દલિત સમાજમાં પ્રણામી ધર્મના પ્રચારનું કાર્ય કર્યું.[૨૦]

આ ઉપરાંત શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર ખંભાત, અમદાવાદ, ગાંધીનગર, ચીખોદરા, પીપલાતા, ડાકોર, ટીંબા, નિજાનંદ આશ્રમ વડોદરા વગેરે દ્વારા પણ ગુજરાતમાં પ્રણામી ધર્મના પ્રચાર પ્રસારનું કાર્ય ચાલે છે.

ટૂંકમાં પ્રણામી ધર્મના તીર્થધામો તથા ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, હરિયાણા, પં.બંગાળ, સિક્કીમ, પંજાબ, બિહાર વગેરે પ્રદેશોમાં પથરાયેલા વિવિધ પ્રચારકેન્દ્રો અને પ્રણામી મંદિરો દ્વારા પ્રણામી ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય સમગ્ર ભારત અને વિદેશોમાં આજે પણ ચાલુ છે.

૧૭મી સદીમાં સ્થાપયેલ પ્રણામી ધર્મ ૨૧મી સદીમાં આતંકવાદ નાથવામાં મદદરૂપ પુરવાર થાય એમ છે. ૧૭મી સદીમાં દેવચંદ્રજીએ સ્થાપેલા આ ધર્મથી ઔરંગઝેબ પણ પ્રભાવિત થયો. પ્રાણનાથજીએ આ ધર્મમાં સ્ત્રી ઉદ્ધાર પ્રવૃત્તિ, અસ્પૃશ્યતા નિવારણ, હિંદુ-મુસ્લિમ એકતા, દારૂ નિષેધ જેવી સામાજિક સમરસતા સ્થાપવા ઝઝૂમ્યા. પ્રણામી ધર્મમાંથી પ્રેરણા લઈ ગાંધીજી મોહનમાંથી મહાત્મા બન્યા. શ્રીકૃષ્ણની લીલાઓ આ ધર્મમાં જોવા મળે છે. લાલદાસ સ્વામીકૃત 'વિતક' પ્રણામી ધર્મનો પરિચય આપે છે. પૂર્ણ બ્રહ્મ પરમાત્માની ઝાંખી કરાવતો કુલજમ સ્વરૂપગ્રંથની પૂજા પ્રણામી ધર્મમાં થાય છે.

ગુજરાતમાં જ નહી પરંતુ બીજા રાજ્યો અને વિશ્વના ઘણા દેશોમાં પ્રણામી સંપ્રદાય જોવા મળે છે. ગુજરાતમાં તેની સ્થાપના થઈ હોવાથી અહીં ઘણું જોવા મળે છે.

ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ જેવા દેશોમાં પ્રણામી ધર્મના અનુયાયીઓ દ્વારા કથા પ્રવચન પણ કરાવવામાં આવે છે.

ગુજરાતમાં હાલના સમયમાં શ્રી મહેશચંદ્ર પંડ્યા દ્વારા પ્રણામી ઘણા પુસ્તકો લખાયા છે. ઉપરાંત તેમણે પ્રાણનાથ રિસર્ચ અકાદમીની સ્થાપના ૨૦૦૮માં ગાંધીનગર મુકામે કરી છે. જેમાં પ્રણામી ધર્મ વિશે ખૂબ ઊંડાણપૂર્વક જાણવા મળે છે.

**પાદનોંધ**

૧. ધર્મલોક ગુજરાત સમાચાર, ૨૦-૭-૧૭, પૃ.૫, સાધુ પ્રેમવત્સલ દાસજી

૨. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, ભારતમાં પ્રણામી ધર્મ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૧, પૃ.૩

૩. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, આતંકવાદનો ઈલાજ પ્રણામી ધર્મ, શ્રીપ્રાણનાથ રિસર્ચ અકાદમી ગાંધીનગર, ૨૦૦૯, પૃ.૪

૪. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, ભારતમાં પ્રણામી ધર્મ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૧, પૃ.૨

૫. ડૉ.પ્રવિણચંદ્ર પરીખ, ભારતીય સંસ્કૃતિ : સ્વરૂપ અને વિકાસ (મધ્યકાલ અને અર્વાચીન કાલ), યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૨૦૦૧, પૃ.૮૦-૮૧

૬. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, વિશ્વપ્રણામી ધર્મમંથન, શ્રીપ્રાણનાથ રિસર્ચ અકાદમી ગાંધીનગર, ૨૦૧૬, પૃ.૧૨૯-૧૩૦

૭. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, ભારતમાં પ્રણામી ધર્મ, ઉપરોક્ત, પૃ.૨૦

૮. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, ઉપરોક્ત, પૃ.૧૩૧

૯. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, અમેરિકામાં વિતક સુધા, પ્રાણનાથ રિસર્ચ અકાદમી ગાંધીનગર, ૨૦૦૯, પૃ.૫૬

૧૦. એજન, પૃ.૬૦

૧૧. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, આતંકવાદનો ઈલાજ, ઉપરોક્ત, પૃ.૧૬-૧૮

૧૨. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, ભારતમાં પ્રણામી ધર્મ, ઉપરોક્ત, પૃ.૧૩૮

૧૩. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, આતંકવાદનો ઈલાજ, ઉપરોક્ત, પૃ.૩૬

૧૪. એજન, પૃ.૨૧૯

૧૫. શ્રીકૃષ્ણ પ્રિયાચાર્યજી મહારાજ શ્રીરાજમંદિર વર્ણન ભાગ-૧, ભરોડા-૧૯૭૦, પૃ.૪

૧૬. ઉપરોક્ત, પૃ.૨૨૬

૧૭. એજન, પૃ.૨૨૭

૧૮. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, વિશ્વપ્રણામી ધર્મમંથન, ઉપરોક્ત, પૃ. ૧૫૯

૧૯. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, ભારતમાં પ્રણામી ધર્મ, ઉપરોક્ત, પૃ.૨૨૭

૨૦. ડૉ. મહેશચંદ્ર પંડ્યા, વિશ્વપ્રણામી ધર્મમંથન, ઉપરોક્ત, પૃ. ૧૫૩